# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 13-01-2026 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## પ્રજાસત્તાક પર્વ-જિલ્લાકક્ષાની ઉજવણી:

આગામી ૨૬ જાન્યુઆરી 'પ્રજાસત્તાક પર્વ'ની જિલ્લાકક્ષાની ઉજવણીના આયોજન અંગે જિલ્લા કલેક્ટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને આજે બેઠક યોજાઈ હતી. આ વખતે જિલ્લાકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી ભુજ ખાતે કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

જિલ્લા કલેક્ટરે સરકારી ઈમારતોની રોશની, કાર્યક્રમ સ્થળ ખાતે વ્યવસ્થાઓ, સાફ સફાઈ, ફાયર સેફ્ટી, પાર્કિંગ, મેડીકલ અને વિવિધ વિભાગોના ટેબ્લોનું આયોજન સહિતના મુદ્દે સંબંધિત અધિકારીઓ પાસેથી વિગતો મેળવીને જરૂરી માર્ગદર્શન પુરુ પાડ્યું હતું.

પ્રજાસત્તાક પર્વના જિલ્લાકક્ષાના કાર્યક્રમમાં વિવિધ કચેરીઓ દ્વારા ટેબ્લો, દેશભક્તિની થીમ પર વિશેષ સાંસ્કૃતિક કૃતિઓની પ્રસ્તુતી તથા પોલીસ વિભાગ દ્વારા માર્ચ પાસ્ટ પરેડનું આયોજન હોવાથી આ બાબતે પણ સૂચારૂ વ્યવસ્થાપન અંગે જરૂરી માર્ગદર્શન અપાયું હતું

------------------------------------------------------------------------------------------

## મકરસંક્રાંતિ પર્વ-કરૂણા અભિયાન:

મકરસંક્રાંતિ પર્વ દરમિયાન પતંગની દોરીથી ઘાયલ થતા પક્ષીઓને ત્વરિત સારવાર આપી જીવનદાન આપવા માટે રાજ્ય સરકાર દ્વારા ‘કરૂણા અભિયાન’ ચલાવવામાં આવી રહ્યું છે. આ સંદર્ભે કચ્છ જિલ્લા કલેક્ટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને ભુજમાં સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ અંગે વધુ વિગતો આપતા પૂર્વ કચ્છ વન વિભાગના નાયબ વન સંરક્ષક આયુષ વર્માએ જણાવ્યું હતું કે ૨૦ જાન્યુઆરી સુધી ચાલનારા આ અભિયાન અંતર્ગત કચ્છમાં ૧૬

કલેક્શન સેન્ટર અને ૧૪ સારવાર કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે. ખાસ કરીને આ વર્ષે ધોરડો-સફેદ રણ ખાતે પણ કલેક્શન સેન્ટરની સુવિધા ઊભી કરાઈ છે. પક્ષીઓની સારવાર માટે પશુ ચિકિત્સકોની સાથે ૧૭ સામાજિક સંસ્થાઓના ૩૦૦થી વધુ સ્વયંસેવકો ખડેપગે રહેશે. વન વિભાગ દ્વારા દરેક તાલુકામાં ૧૩ કંટ્રોલ રૂમ પણ સ્થાપવામાં આવ્યા છે.

ચાઈનીઝ માંજા પર પ્રતિબંધના અમલ માટે પોલીસ અને વન વિભાગની સંયુક્ત ટીમો કોમ્બિંગ કરશે. નાગરિકોની સુવિધા માટે હેલ્પલાઇન નંબર ૧૯૨૬ કાર્યરત છે. આ ઉપરાંત, વોટ્સએપ નંબર ૮૩૨૦૦ ૦૨૦૦૦ પર "KARUNA" મેસેજ કરવાથી ઓનલાઇન મેપ દ્વારા નજીકના સારવાર કેન્દ્રની માહિતી મળી શકશે.

---

## મકરસંક્રાંતિ પર્વ-PGVCL દ્વારા અપીલ:

આગામી મકરસંક્રાંતિ પર્વને ધ્યાને રાખીને પીજીવીસીએલ ભુજ દ્વારા લોકોને સાવચેતીના ભાગરૂપે જરૂરી પગલા લેવા જણાવવામાં આવ્યું છે.

જેમાં વીજળીના તૂટેલા તારથી બાળકોને દૂર રાખવા, ખુલ્લા વીજળીના તારને અડકવું નહિ, તાર પર ચડેલ પતંગ લેવા લંગર ન નાખવા સહિતની અપીલ કરાઈ છે. મેગ્નેટિક ટેપ, સિન્થેટીક દોરી કે વીજવાહક માંજા તથા અન્ય વાયરોનો ઉપયોગ ટાળી સર્તકતા અને સલામતી જાળવીને તહેવાર મનાવવા પીજીવીસીએલ ભુજ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

વીજ અંગેની કોઈપણ ફરિયાદ ટોલ ફ્રી નં 1800 233 155 333 અથવા 19122 પર નોંધાવી શકાય છે તેમ ભુજ વર્તૂળ કચેરી પીજીવીસીએલની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---

## જાહેરનામા:

જિલ્લામાં યોજાનારા ધાર્મિક તહેવારો/મેળાઓ તથા ઉત્સવોની ઉજવણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તેમજ કોઇ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતિ જળવાઇ રહે તે માટે સાવચેતીના પગલાં રૂપે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે કચ્છના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ડી.પી.ચૌહાણએ આગામી તારીખ ૨૭ જાન્યુઆરી સુધી સમગ્ર કચ્છ જિલ્લામાં હથિયારબંધીના આદેશ જાહેર કર્યા છે.

આ ઉપરાંત, જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા, પ્રતિક ધરણા, ભૂખ હડતાલ પર બેસવા કે ઉપવાસ ઉપર બેસવા પર મનાઇ ફરમાવાઈ છે. જિલ્લાની સરકારી કચેરીઓમાં ચાર કરતાં વધુ વ્યક્તિઓને ભેગા થઈને આવેદનપત્ર આપવા પર પણ ૨૭ જાન્યુઆરી સુધી પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

---

## ભુકંપના આંચકા:

કચ્છ અને સૌરાષ્ટ્રમાં વિવિધ જગ્યાએ આજે ભૂકંપના આંચકાઓ અનુભવાયા હતા. આજે વહેલી પરોઢે ત્રણ વાગીને પાંચ મિનિટે કચ્છમાં બે પૂર્ણાંક સાતની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. તેનું કેન્દ્ર

બિન્દુ ધોળાવીરાથી 41 કિલોમીટર દૂર નોંધાયું હતું. જ્યારે સવારે નવ વાગીને 58 મિનિટે સૌરાષ્ટ્રમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. બે પૂર્ણાંક સાતની તીવ્રતાના આ આંચકાનું કેન્દ્ર બિન્દુ પોરબંદરથી 46 કિલોમીટર દૂર નોંધાયું હતું.

---

## હવામાન:

જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલી ઠંડીમાં આજે આંશિક રાહત જોવા મળી . ગઇકાલની સરખામણીએ લઘુત્તમ તાપમાનમાં સામાન્ય વધારો નોંધાયો છે તેમ છતાં જિલ્લાના અનેક ભાગોમાં ઠારની તીવ્રતા યથાવત રહી છે. આજે નલિયામાં લઘુત્તમ તાપમાન 7.6 ડિગ્રી નોંધાયું છે. જ્યારે જિલ્લા મથક ભુજમાં 11 ડિગ્રી અને કંડલામાં 12.2 ડિગ્રી લઘુત્તમ તાપમાન

નોંધાયું છે. કચ્છમાં ઠંડીના કારણે સામાન્ય જનજીવન પર અસર જોવા મળી રહી છે. દિવસ દરમિયાન તડકો હોવા છતાં ઠંડા પવનોના કારણે લોકોને ગરમ કપડા પહેરી રાખવાની ફરજ પડી રહી છે.

---------------------------------------------------------------------------------------------------